અપીલ અરજી નં.૨૪૦ તા.૨૦–૧૧–૦૮

અરજદારઃ શ્રી યોગેશ નરભેરામ મીસ્ત્રી
સામાવાળાઃ આસી.કમિશ્નર (ફા.)અને જાહેર માહિતી અધિકારી હિસાબીખાતુ

**હુકમઃ–**

**વિષય :**–આર ટીઆઈ એકટ હેઠળ શ્રી યોગેશ નરભેરામ મીસ્ત્રીની તા.૧૭–૯–૦૮ ની અરજીથી સ્કાયલાઈન સ્ટુડીયોના ચૂકવાયેલા બીલોની ઝેરોક્ષ નકલની માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૦–૧૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૪૦/૨૦૦૮–૦૯

શ્રી યોગેશ નરભેરામ મીસ્ત્રીની તા.૧૭–૯–૦૮ ની અરજીથી સ્કાયલાઈન સ્ટુડીયોના ચૂકવાયેલા બીલોની ઝેરોક્ષ નકલની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ પ્રત્યુત્તર ન મળતાં તથા મુખ્ય હિસાબનીશ અને મ. જાહેર માહિતી અધિકારીના પત્ર નં.એકા.એસ.આર/૪૬૦૩ તા.૧૭–૧૦–૦૮ થી વધુ દિન–૩૦ ની મુદત માંગતા પત્રના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૧૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત પૂરક માહિતીની વિગતો વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૮૧૧ તા.૨૭–૧૧–૦૮ થી આસી.કમિશ્નર (ફા.)અને જાહેર માહિતી અધિકારી હિસાબીખાતુને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને આજ દિન સુધી કોઈ માહિતી મળેલ નથી કે માહિતીના ઈન્કાર માટે કોઈ અપવાદ કલમ–૮ કે ૧૧ હેઠળ રજૂ કરેલ નથી.

અરજદારની તા.૧૭–૯–૦૮ ની અરજીથી ચૂંકવણી કરેલા સ્કાયલાઈન સ્ટુડીયોના ચૂકવાયેલા બીલોની ઝેરોક્ષ નકલ (બીલ નંગ ૪૦) ની માંગણી કરેલ છે જે સંદર્ભે મુખ્ય હિસાબનીશ અને મ. જાહેર માહિતી અધિકારી નં.એકા./એસ.આર/૪૬૦૩ તા.૧૭–૧૦–૦૮ થી અરજદારને પાઠવેલ પત્રમાં વધુ દિન–૩૦માં માહિતી રજુ કરવામાં આવશે તેવો જવાબ આપવામાં આવેલ. વધુ દિન–૩૦ પછી પ્રતિભાવ નહીં મળતાં અરજદારે અપીલ અરજીમાં દિન–૧૫ માં માહિતી મેળવવાની માંગણી કરેલ છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૭–૯–૦૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને નહીં પૂરી પડાયેલ હોઈ આરટીઆઈ એકટના કાયદા અને નિયમ અને જોગવાઈને અનુસરી કલમ–૭ (૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા આસી. કમિશ્નર (ફા.) અને જાહેર માહિતી અધિકારી હિસાબી ખાતાને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૨ –૦૮.

ડે.**કમિશ્નર(જનરલ),**
અ**ને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) આસી. કમિશ્નર (ફા.)અને જાહેર માહિતી અધિકારી, હિસાબી ખાતુ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી યોગેશ નરભેરામ મીસ્ત્રી,